**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૮.૫ ડીગ્રી
લઘુતમ : ૧૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૭૩ ટકા

# ગ-૪નો ઘેઘુર વડલો નહીં કાપવાની મેયરની જાહેરાતથી પ્રકૃતિપ્રેમીઓમાં આનંદ

**અધિકારીઓ સાથે બે દિવસ બેઠકો યોજી પ્લાનમાં ફેરફાર કરાવ્યો હોવાનો મેયરનો દાવો : આવો જ અભિગમ અન્ય વૃક્ષો માટે પણ તંત્ર દાખવે તેવી પ્રકૃતિપ્રેમીઓની લાગણી**



ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના ગ-૪ અન્ડરબ્રીજના કામ માટે જે વૃક્ષોનો ભોગ લેવાવા જઈ રહ્યો હતો તેમાં સ્વર્ણિમ પાર્ક પાસેનો એક ઘેઘુર વડલો પણ સામેલ હતો જેના કારણે નાગરિકોમાં ખૂબ રોષની લાગણી ફેલાવા પામી હતી અને સોશ્યલ મિડીયા પર તેના ઘેરા પ્રત્યાઘાત જોવા મળ્યાં હતા. આ નયનરમ્ય વડલા સહિતના વૃક્ષોને બચાવી લેવા પ્રકૃતિપ્રેમીઓ દ્વારા સોશ્યલ મિડીયા પર જાણે અભિયાન છેડવામાં આવ્યુ હતુ. જો કે રવિવારે સાંજે શહેરના મેયર રીટાબેન પટેલ દ્વારા આ વડલો કાપવામાં નહી આવે અને તે માટે ગ-૪ અન્ડરબ્રીજના પ્લાનમાં ફેરફાર કરવામાં આવ્યો છે તેવી જાહેરાત કરવામાં આવતાં જ શહેરના પ્રકૃતિપ્રેમીઓમાં આનંદની લાગણી પ્રસરવા પામી હતી.

મેયર રીટાબેન પટેલ દ્વારા જણાવવામાં આવ્યું છે કે તેમણે આ વડલો કપાતો બચાવવા માટે અધિકારીઓ સાથે મળીને બે દિવસ બેઠકોનો દોર ચલાવીને પ્લાનમાં ફેરફાર કરાવ્યો છે અને વડલાના ઝાડને નુકશાન ના થાય તે માટે અધિકારીઓને તાકીદ કરી હતી. શહેરના વિવિધ વિકાસ કાર્યો અંતર્ગત ગ-૫ પાસે અન્ડરબ્રીજની યોજના સાકાર કરવા નગરની સ્થાપના સમયના વડલાના ઝાડને હટાવવું જરૂરી બન્યુ હતુ પરંતુ તેના કારણે શહેરના પ્રકૃતિપ્રેમીઓમાં આ વાતે નારાજગી ફેલાવા પામી હતી જેને અનુલક્ષીને મેયર દ્વારા વડલાને યથાવત રાખી યોજના પાર પાડવાનો નિર્ણય કરવામાં આવ્યો છે અને અન્ડરબ્રીજના નિર્માણ કાર્ય દરમ્યાન પણ આ વડલાને નુકશાન ના થાય તેની તાકીદ અધિકારીઓને કરવામાં આવી હોવાનું તેમણે જણાવ્યુ છે. સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત બની રહેલા અન્ડરબ્રીજના કારણે પ્રાચીન વડલો હટાવાનો હતો જે બચી જતા પ્રકૃતિપ્રેમીઓમાં આનંદની લાગણી પ્રસરવા પામી છે. જો કે તે સાથે પ્રકૃતિપ્રેમીઓ દ્વારા માત્ર આ વડલો જ નહી પરંતુ શહેરના કપાનારા અન્ય વૃક્ષોને બચાવવા પણ તંત્ર આવો જ અભિગમ દાખવે તે જરૂરી છે તેવો મત સોશ્યલ મિડીયા પર વ્યક્ત કરી રહ્યાં છે.

## પાટણના ‘‘પર્યાવરણ પંડિત’’ ગ-૪ના વડલેથી ફેસબુક લાઈવ કર્યુ..!!

ગાંધીનગર, તા. ૧૦

શહેરમાં છેલ્લાં કેટલાક દિવસથી ગ-૪ ખાતેનો ઘેઘુર વડલો ‘‘ટોક ઓફ ધ ટાઉન’’ બન્યો છે જેને હવે કાપવામાં નહી આવે તેવો નિર્ણય મેયરે જાહેર કર્યો છે. જો કે આ નિર્ણય જાહેર થાય તે પહેલા આજે પ્રકૃતિ રક્ષા અભિયાનના પ્રયાસોને ટેકો આપવા અને આ ઘેઘુર વડલો સહિતના વૃક્ષોને કપાતાં બચાવવા માટેની અપીલ સોશ્યલ મિડીયા પર નિહાળીને પાટણમાં ‘‘પર્યાવરણ પંડિત’’ તરીકે જાણીતા થયેલા પર્યાવરણ કાર્યકર્તા નિલેશભાઈ રાજગોરે વડલે આવીને ફેસબુક લાઈવના માધ્યમથી જાહેર અપીલ કરી હતી. આ પ્રસંગે શહેર વસાહત મહામંડળના



પ્રમુખ અરૂણભાઈ બુચ, જાણીતા પ્રકૃતિવિદ્ કનુભાઈ યોગી તથા પ્રકૃતિ રક્ષા અભિયાનના કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતા.



ગાંધીનગર શહેરમાં એવા અનેક સેવા કાર્યો થાય છે જે ક્યાંય જાહેરમાં થતા જોવા મળતા નથી. સેવાભાવી યુવાનો કોઈપણ જાતની પ્રસિદ્ધિની આશા રાખ્યા વિના સેવાકાર્યો કરતા રહે છે અને નિરાધારોને મદદ કરતા રહે છે. જય હો ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા છેલ્લા બે વર્ષથી રોટીબેંકનું સંચાલન કરવામાં આવે છે. પંચદેવ મંદિર ખાતે આ સંસ્થા દ્વારા શ્રમિક પરિવારના બાળકોને પુરી-શાક, જલેબીનુ જમણ જમાડી પતંગ અને શેરડીનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ.

# સેક્ટર-૨૧ શોંપીગ સેન્ટરની બે દુકાનના તાળા તુટ્યા

**ભગવતી પાર્લર અને પી મનુભાઈ મેડીકલ સ્ટોરના તાળા તુટ્યા, વેપારીઓમાં ભયનો માહોલ**

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૧ શોપીંગ સેન્ટર ખાતે ગતરાત્રીએ એક સાથે બે દુકાનના તાળા તુટ્યાનો બનાવ બન્યો છે. ચોર ઈસમોએ ભગવતી પાર્લરના ડ્રોઅરમાંથી રોકડા રૂ.૩૫ હજાર અને પી.મનુભાઈ મેડીકલ સ્ટોરના ડ્રોઅરમાંથી રોકડ રૂ.૮ હજાર મળી કુલ રૂ.૪૩ હજારની મત્તાની ચોરી થવા પામી છે. શહેરના મુખ્ય બજાર ગણાતા સેક્ટર-૨૧ માં બે દુકાનના તાળા તુટતા વેપારીઓમાં ભયનો માહોલ જોવા મળ્યો છે. જયારે બનાવ અંગે જયેશ પારેખની ફરીયાદ લઈ ગુનો નોંધી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.





પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેક્ટર-૨૧ બ્લોક નં.૪૦-૫ ખાતે રહેતા જયેશ છોટાલાલ પારેખ (ઉં.૪૨) સે-૨૧ શોંપીગ સેન્ટર ખાતે દુકાનનં -સી-૬ ધરાવે છે. આ દુકાનમાં તેઓ ભગવતી સેલ્સ એન્ડ નમકીન દુધ પાર્લર નામની દુકાન ચલાવે છે. શનિવારના રોજ રાત્રીના સાડા નવ વાગ્યાના અરસામાં તેઓ દુકાન બંધ કરીને ઘરે ગયા હતા. જયારે રવિવારના રોજ સવારે નિયત સમયે તેઓ દુકાન ખોલવા આવ્યા હતા. ત્યારે ફરીયાદીએ જોયુ તો દુકાનના મુખ્ય દરવાજાની શટરની પટ્ટી તુટેલી હતી. જેથી તેમણે અંદર જઈ તપાસ કરતા કેસ કાઉન્ટરના ડ્રોવરનું લોક પણ તુટેલી હાલતમાં હતું. જેથી ચોર ઈશમોએ વિવિધ દરની ચલણી નોટો તેમજ સિક્કા મળી કુલ રૂ.૩૫ હજાર રોકડ ગુમ હતી. જયારે બીજીતરફ બાજુમાં સી-૬ દુકાન પી.મનુભાઈ મેડીકલ સ્ટોરના શટરના લોક પણ તુટેલા હતા. જેથી જયેશભાઈએ દુકાનમાં કામ કરતા અને ઉપર રહેતા વ્યકિતને જાણ કરી હતી. ત્યારબાદ તે વ્યકિતને દુકાન માલિક સંજય શાહ (રહે.સેકટર-૨૨ પ્લોટ નં.૨૨૨-૨ જૈન દેરાસર પાસે)ને જાણ કરી હતી. જેથી તેઓ પણ તાત્કાલીક દુકાને પહોંચીને અંદર તપાસ કરતા ડ્રોઅરમાં રહેલા રૂ.૮ હજાર રોકડા ગુમ હતા. જયારે ચોર ઈસમોએ દુકાનની અંદર રહેલી કોઈપણ ચીજવસ્તુની ચોરી કરી નથી. પોલીસ મથકથી ગણતરીના અંતરે બે દુકાનના તાળા તુટતા પોલીસ પણ દોડતી થઈ ગઈ છે.

## શહેરમાં ઘાયલ પક્ષીઓના બચાવ માટે ટીમ કાર્યરત

ગાંધીનગર, તા. ૧૦

ઉત્તરાયણનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે પક્ષીઓની હાલત પતંગ દોરીને કારણે ખરાબ થઈ જતી હોય છે. દોરીની ધારને કારણે આકાશમાં ઉડતા માસુમ પક્ષીની જીવ જોખમમાં મુકાય છે. સરકાર દ્વારા ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ મુકાયો છે પરંતુ સાદી દોરીને કારણે પણ આકાશમાં ઉડતા પક્ષીઓની પાંખ કપાય છે. સાંજના સમયે પોતાના ઘરે જતા પક્ષીઓને આકાશમાં આ બે દિવસ રહેલી દોરી દેખાતી નથી. પરિણામે તેઓને જાનહાનિ થાય છે. આવા પક્ષીઓના બચાવ અને સારવાર માટે શહેરમાં છેલ્લા ઘણા વર્ષોથી પક્ષીપ્રેમી ટીમ કાર્ય કરે છે જેઓ દ્વારા અપીલ કરવામાં આવી છે કે આજથી લઈ તા. ૧૫ જાન્યુઆરી સુધીમાં કોઈપણ શહેરીજનોને તેમની આસપાસ ઘાયલ પક્ષીની ભાળ મળે તો નીચે જણાવેલ નંબર ઉપર તરત સંપર્ક કરવો.

**● સ્નેહલ પ્રજાપતિ-૯૫૫૮૮૨૭૫૦૦ ● અપૂર્વ ચૌહાણ-૭૦૯૬૬૫૯૫૯૯ ● રવિરામસિંહ ઝાલા-૯૨૬૫૮૩૦૬૨૦ ● સંકેત મહેતા - ૯૪૨૮૫૪૮૪૨૩ ● દર્શન પ્રજાપતિ - ૭૯૮૪૭૫૨૯૦૭ ● યોગેશ પ્રજાપતિ - ૭૩૫૯૩૯૦૬૨૮ ● કુશ ઉદેચા - ૮૦૦૦૯૧૧૨૫૧**

# સેક્ટર-૨૨ના વૃક્ષો બચાવવા ગરવી ગુજરાત પાર્ટીનું પ્રકૃતિપ્રેમીઓને સમર્થન

શહેરમાં સેક્ટર-૨૨માં આંતરિક રોડ પહોળો કરવા માટે તંત્ર દ્વારા સેંકડો વૃક્ષોની કત્લેઆમ કરવાનો જે નિર્ણય કરાયો છે તે સામે શહેરના પ્રકૃતિ પ્રેમીઓનો રોષ ભભૂકી ઉઠ્યો છે. બીજી તરફ હવે રાજકીય પાર્ટીઓને પણ પ્રકૃતિ પ્રમીઓના પ્રયાસોમાં રસ પડ્યો છે જેને અનુલક્ષીને ગરવી ગુજરાત પાર્ટી દ્વારા આજે સે. ૨૨માં પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

ગાંધીનગરમાં પ્રકૃતિ રક્ષા અભિયાનના નેજા હેઠળ પ્રકૃતિપ્રેમીઓ દ્વારા સે. ૨૨ના વૃક્ષછેદનને અટકાવવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યાં છે જેને સોશ્યલ મિડીયા પર ખૂબ સમર્થન પ્રાપ્ત થઈ રહ્યું છે. આ અભિયાનને પ્રયાસ આપવા ગરવી ગુજરાત પાર્ટી મેદાનમાં



આવી છે અને પ્રકૃતિપ્રેમીઓની માંગણીને સમર્થન આપવા સાથે જરૂર પડે તો ઉગ્ર આંદોલન કરવાની ચિમકી પણ પાર્ટીના જિલ્લા પ્રભારી ધર્મેશ ઠાકોર દ્વારા આપવામાં આવી હતી. પદયાત્રામાં પાર્ટીના સલાહકાર હિમાંશુ પટેલ ઉર્ફે ભુરાભાઈ, જિલ્લા કોષાધ્યક્ષ ભાવિક કોષ્ટિ, મહિલા મોરચાના પ્રમુખ અંજનાબેન રાઠોડ, મહિલા મોરચા મહામંત્રી રૂષિકાબેન ચક્વર્તી, મિડીયાસેલ કન્વીનર પ્રજ્ઞાબેન યાદવ, યુવા મોરચા પ્રમુખ હિતરાજસિંહ વાઘેલા અને યુવા મહામંત્રી રાહુલ વાઘેલા સહિત કાર્યકરો જોડાયા હતા.

## ચિલોડા દારૂના ગુનામાં છેલ્લા ૫ વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર,તા.૧૦

ગાંધીનગર એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.પી.જાડેજા અને પી.ડી.વાઘેલા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન એએસઆઈ કેવલસિંહ અને કોન્સ્ટેબલ રાકેશસિંહને બાતમી મળી હતી.

ચિલોડા દારુના ગુનામાં છેલ્લા ૫ વર્ષથી નાસતો ફરતો આરોપી સુનિલ રૂપલાલ મીણા (રહે. કારછાગામ, તા.ખેરવાડા, જી.ઉદેપુર) રાજસ્થાનવાળો હાલ પોતાના ગામમાં આવેલા રામમંદિર નજીક હોટલ પર હાજર છે.જેથી પોલીસ સ્થળ પર જઈ આરોપીને દબોચી લીધો હતો. પોલીસે ઉંડાણપૂર્વક તપાસ કરતા શખ્સે ઉપરોકત ગુનામાં છેલ્લા ૫ વર્ષથી નાસતો ફરતો હોવાની કબુલાત કરી હતી. પોલીસે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસ માટે ચિલોડા પોલીસને સોંપવામાં આવ્યો છે.

# પર્યાવરણ અને પ્રગતિ એકબીજાના પર્યાય બનવા જોઈએ પ્રતિસ્પર્ધી નહી..!!

**આપણને ‘‘વિકાસ’’ની જેટલી જરૂર છે તેટલી જ ‘‘વૃક્ષ’’ની પણ જરૂર છે : વિકાસકાર્યો વૃક્ષોના ભોગે થશે તો વિનાશનું કારણ બનશે : વૃક્ષોનો ભોગ ઓછો લેવાય તે રીતે વિકાસકાર્યોનું આયોજન કરવું પડશે નહીંતર આ ‘‘ઓક્સિજન પરબો’’ વિના આગામી પેઢી ગુંગળાઈ મરશે..!!**

ગાંધીનગર, તા. ૧૦

અત્યારે અખબારોની ઘણી કટારોથી માંડીને સોશ્યલ



મિડીયા પરની અનેક પોસ્ટમાં એક વાત વાંચવા-સાંભળવા મળે છે કે કોરોના કાળમાં માનવીને પ્રકૃતિનું મહત્વ સમજાયુ છે, પ્રકૃતિએ ભાન કરાવ્યું કે પ્રદૂષણ કેટલુ જોખમી છે, વિકાસ માટે વૃક્ષો કાપવા અને પ્રગતિ માટે પર્યાવરણની ઘોર ખોદવામાં ભાન ભૂલેલા માનવીનો કુદરતે કાન આમળ્યો છે વગેરે વગેરે..!! પરંતુ શું ખરેખર માનવીને ભાન થયું છે ખરૂ કે ‘‘પર્યાવરણ અને પ્રગતિ બંને એકબીજાના પર્યાય છે’’ ? આ સવાલનો જવાબ સ્પષ્ટ ‘‘ના’’ જ આવે છે કેમ કે માનવી એક એવું સ્વાર્થી પ્રાણી છે જે સપડાય ત્યારે આજીજી અને કાલાંવાલા કરે છે પરંતુ જેવુ બચી ગયાનો અહેસાસ થાય કે તુરંત જ ઘુરકિયાં કરવા લાગે છે. હજુ પણ સમય છે માનવીએ કોરોના કહેરમાંથી શીખ લઈને સુધરી જવાનો. નહીંતર પાછળ ‘‘બર્ડફ્લુ’’ જ નહીં અસંખ્ય એવી ઉપાધિઓ વિકરાળ મ્હોં ફાડીને આવશે કે તેનાથી બચવુ અશક્ય બની જશે, અત્યારે તો વેક્સિનના સહારે હરખતું હિન્દુસ્તાન..!!

માનવી એક સામાજિક પ્રાણી છે અને તેની દુનિયામાં એક શબ્દ ખૂબ મહત્વનું સ્થાન ધરાવે છે તે છે ‘‘સમતુલા’’. જીવનમાં ડગલે ને પગલે આ શબ્દને ઘુંટવો જરૂરી છે અને જ્યારે જ્યારે કોઈપણ બાબતમાં કોઈ પણ ક્ષેત્રે સમતુલા બગડે છે ત્યારે ત્યારે પરિસ્થિતિ હંમેશા વણસે છે, પછી તે રાજકીય બાબત હોય, સામાજિક બાબત હોય, ધાર્મિક-આધ્યાત્મિક બાબત હોય કે પર્યાવરણ-પ્રગતિની બાબત હોય. અરે, માનવીની દિનચર્યામાં જો ખોરાકની સમતુલા પણ બગડે તો તેનો દિવસ બગડે છે અને તે સમતુલા વધુ ખોરવાય તો સ્વાસ્થ્ય લથડતાં વાર નથી લાગતી, સંબંધોમાં પ્રેમની સમતુલા ખોરવાય તો કજીયા-કંકાસને ફાવતું જડી જાય છે અને વાહનમાં જાળવણી સમતુલા ખોરવાય તો અધવચ્ચે રઝળવાનો વારો આવે છે. આવુ જ કંઈક બની રહ્યું છે વિકાસ અને વૃક્ષો વચ્ચેની સમતુલામાં જેના પગલે વિશ્વમાં માત્ર કુદરતી આફતોને જ નહીં પરંતુ ભયાનક મહામારીઓને પણ ખુલ્લું મેદાન મળી રહ્યું છે. આપણે વિકાસની ઝડપ પ્રાપ્ત કરી છે પરંતુ આ ઝડપની ગતિ પર વિવેકનું નિયંત્રણ રાખવાની અવગણના કરી રહ્યાં છીએ જેના ફળ સ્વરૂપે જે પર્યાવરણ અને પ્રગતિ એકબીજાના પર્યાય બની રહેવા જોઈએ તેના બદલે એકબીજાની માટે જ બાંયો ચડાવી રહ્યાં છે અને તેના માઠાં ફળ આપણે આરોગી રહ્યાં છીએ. પ્રકૃતિમય પરમેશ્વર શ્રીકૃષ્ણએ ભગવદ્ગીતામાં અમથું જ નથી કહ્યું કે ‘‘હે માનવી તુ જેવું કર્મ કરીશ તેવું ફળ પામીશ’’ હવે પ્રકૃતિને રહેંસીને પ્રગતિ કરવાનું આપણું ‘‘પરાક્રમ’’ ક્યાંક આપણાં માટે ‘‘પતન’’નું કારણ ના બને તે જોવું જરૂરી બન્યું છે.

પર્યાવરણના અનેક પાસાં હોય છે જેનું પહેલું પગથિયું છે વૃક્ષ અને આપણે વિકાસના ઓથાતળે વૃક્ષોનું નિકંદન કાઢી રહ્યાં છીએ. એક તરફ આપણે બાળકોને પ્રાથમિક શિક્ષણમાં જ પર્યાવરણનો વિષય આપીને વૃક્ષોનું મહત્વ માનવીના જીવનમાં જ નહીં પરંતુ સમગ્ર સૃષ્ટિના સંતુલન માટે કેટલું છે તે સમજાવીએ છીએ અને બીજી તરફ આપણે વૃક્ષોની કલ્તેઆમ કરતાં અટકતાં જ નથી, પછી આપણા બાળકોને જ આપણા પર વિશ્વાસ કેવી રીતે બને ? અરે, આ નવી પેઢીને તો ખબર જ નથી કે આપણે તેમના માટે કેવાં વરવાં વિકાસની ઘોર ખોદીને તૈયાર કરી





રહ્યાં છે જ્યાં તેમને એક એક શ્વાસ લેતાં પહેલા મસમોટા નિસાસા નાંખવા પડશે. ઘણા વિકસિત દેશો પર્યાવરણનું મહત્વ સુપેરે સમજી ચુક્યાં છે અને વિકાસના કાર્યો પર્યાવરણના ભોગે કરવાનું ટાળી રહ્યાં છે અથવા તેનો વિકલ્પ શોધી કાઢી પ્રકૃતિ સાથે પ્રગતિની સમતુલા જાળવીને આગળ વધી રહ્યાં છે. તેની સામે આપણે ખરેખર આપણી છાતી પર હાથ મુકીને કહી શકીએ તેમ છીએ કે વિકાસકાર્યો માટે આપણે જે વૃક્ષોનો ખુદડો બોલાવી દીધો અને તેની ભરપાઈ કરવા સામે જે વૃક્ષો વાવવાનો ઉપક્રમ કરીને મન વાળ્યું છે તેમાંથી ખરેખર કેટલાં છોડ વિકસીત વૃક્ષ બને છે ? હા, વૃક્ષ સડી જાય, જોખમી રીતે નમી જાય, સુકાઈ જાય તો કાપવું પડે પરંતુ આ કારણ સાચુ હોવાનું નિદાન કેટલા વૃક્ષોમાં પ્રમાણિકતાથી કરવામાં આવે છે ? વિકસિત દેશોમાં હવે તો રસ્તો બનાવવા વૃક્ષ વચ્ચે આવે તો રસ્તાની દિશા બદલવામાં આવે છે, વૃક્ષની દશા નહી. જ્યારે આપણે તો ‘‘વિકાસ માટે વૃક્ષ તો કાપવાં જ પડે ને ?’’ આવી દલીલ બેશરમીથી કરતાં અચકાતાં નથી. ગાંધીનગરની જ વાત કરીએ તો આ શહેર એક સમયે સમગ્ર એશિયાનું ‘ગ્રીનેસ્ટ કેપિટલ’ હતુ અત્યારે ગાંધીનગર જિલ્લો આખો મળીને પણ રાજ્યના સૌથી વધુ વૃક્ષ ધરાવતા જિલ્લાઓની યાદીમાં ટોપ-ફાઈવમાં નથી આવતો. એક સમયે પાટનગરમાં માથાદીઠ ૨૨ જેટલા વૃક્ષો હતા જ્યારે અત્યારે માત્ર ૬ જેટલાં જ વૃક્ષો છે, પાટનગરમાં વસ્તી વધી છે તેવી દલીલ કરતાં હોય તો પાટનગરમાં તેના પ્રમાણમાં વૃક્ષો કેટલાં કપાયાં તેની પણ ગણતરી કરી લેજો. પાટનગરના પ્લાનમાં બનાવાયેલા ૧૨ અન્ડરપાસ પૈકી ૧૦ અન્ડર પાસ દફનાવી દીધા છે અને હવે વધુ વૃક્ષોના ભોગે બે અન્ડરપાસ બનાવાઈ રહ્યાં છે, આવી છે આપણી સમતુલા. બહુ મોટા ઉપાડે લવાયેલુ પેલુ મશીન જે વૃક્ષને એક જગ્યાએથી ઉપાડીને બીજી જગ્યાએ વાવી દેતુ હતુ તે ક્યાં અને કેવી હાલતમાં છે તેની છે કોઈને ખબર ??

હજુ પણ સમય છે, આપણને વિકાસની જેટલી જરૂર છે તેટલી વૃક્ષની પણ જરૂર છે. વિકાસ કાર્યો હાથ ધરતાં પહેલા





સેપ્ટ યુનિવર્સિટી જેવા સંસ્થાનોની અને તેના નિષ્ણાંતોની મદદ લઈને વધુમાં વધુ વૃક્ષોને બચાવીને વિકાસ કાર્ય કેવી રીતે કરાય, ઓછા વૃક્ષ કપાય તે માટે વિકાસ કાર્યમાં થોડી ઘણી બાંધછોડ કે ફેરફાર કરવા જેવા વિકલ્પ અપનાવાય તેવી સમતુલા અપનાવવી જોઈએ, નહીંતર આપણે જેને કાપી રહ્યાં છીએ તે માત્ર વૃક્ષ જ નથી પરંતુ જાણીતા પર્યાવરણવિદ્ કનુ યોગીના શબ્દોમાં કહીએ તો એ ‘‘ઓક્સિજન પરબ છે’’ જેના વગર આપણી આગામી પેઢી ગુંગળાઈને તરફડી ઉઠશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી, સોચ લો ઠાકુર..!!

પ્રતિભાવો આવકાર્ય : Samirtalod @ gmail. com

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. સંધ્યાબેન પ્રકાશભાઈ ભટ્ટ, ઉ.વ. ૫૭, સેકટર-૧૩, ગાંધીનગર.
- સ્વ. ચાવડા તખુભા નાથુજી, ઉ.વ. ૬૨, આદીવાડા, સેકટર-૨૮, ગાંધીનગર.
- સ્વ. કિરીટભાઈ નર્મદાશંકર જોષી, ઉ.વ. ૬૫, સેકટર-૨૧, ગાંધીનગર.
- સ્વ. સનીભાઈ રાજુભાઈ મારવાડી, ઉ.વ.૨૦, કોબા, છાપર, તા.જિ.ગાંધીનગર.
- સ્વ. નાયક હર્ષદકુમાર રેવાશંકર, ઉ.વ. ૬૭, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. સોલંકી શકરીબેન કાળાજી, ઉ.વ. ૮૫, ઓતાજીના છાપરાં, ડભોડા, ગાંધીનગર.
- સ્વ. રમીલાબેન શકરાજી સોલંકી, ઉ.વ. ૪૨, ડભોડા, તા.જિ. ગાંધીનગર.

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. તુલસીભાઈ જગન્નાથભાઈ પટેલ, ઉ.વ. ૭૧, ઘાટલોડિયા, અમદાવાદ.
- સ્વ. સોની રંજનબેન શાંતિલાલ, ઉ.વ. ૭૨, કુડાસણ, તા. ગાંધીનગર.
- સ્વ. ગણપતભાઈ બહેચરભાઈ પરમાર, ઉ.વ. ૭.૦, સેકટર-૫, ગાંધીનગર.